सत्यमेव जयते

**Government of Gujarat**
**Directorate of ICT & e-Governance**

કામકાજના સ્થળે મહિલા જાતીય સતામણી

(અટકાવ, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ)

અધિનિયમ-૨૦૧૩ની કલમ-૪ મુજબ કચેરીની

આંતરિક ફરિયાદ સમિતિની રચના કરવા બાબત

વંચાણે લીધા:-

(૧) નિયામક આઈ.સી.ટી. અને ઇ-ગવર્નન્સની કચેરીનો હુકમ: DIT/OFFICE/2022/3339 તા- ૭/૦૪/૨૦૨૨

(૨) નિયામક આઈ.સી.ટી. અને ઇ-ગવર્નન્સની કચેરીનો હુકમ: DIT/WOMENCELL/01/2021 તા- ૦૬ /૦૭/૨૦૨૧

## કાર્યાલય આદેશ:-

ભારત સરકારશ્રીના કાયદા અને ન્યાય મંત્રાલયના તા.૨૩/૦૪/૨૦૧૩ના જાહેરનામાં અને સર્વોચ્ચ અદાલતની માર્ગદર્શક સૂચનાઓ અન્વયે સરકારશ્રીના વિભાગો/કચેરીઓ, રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશનો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં નોકરી કરતી મહિલાઓ સાથે થતી જાતીય સતામણી સંબધમાં થતી ફરિયાદોના નિવારણ માટે એક સમિતિની રચના કરવાની રહે છે.

આ કચેરીમાં કામ કરતી મહિલા અધિકારીઓ અને કર્મચારીઓની જાતીય સતામણી અટકાવવા અન્વયે મહિલા જાતીય સતામણી અંગેની ફરિયાદ સ્વીકારવા પરત્વે સમયબદ્ધ કાર્યવાહી હાથ ધરવા અંગેની કામગીરી કરવા અંગે કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (અટકાવ, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ) અધિનિયમ-૨૦૧૩ હેઠળ ઘડવામાં આવેલ નિયમો હેઠળની સંબંધિત કામગીરી કરવા માટે સદરહું અધિનિયમની કલમ-૪ હેઠળ વંચાણે લીધા ક્રમાંક ૧ આ કચેરીની આંતરિક ફરિયાદ સમિતિની રચના કરવામાં આવેલ છે આ સમિતિની રચના કર્યાને ત્રણ વર્ષથી વધુ સમય થતા તેમજ સમિતિના સભ્યોની અત્રેની કચેરીથી બદલી થતા ઉક્ત સમિતિમાં આથી નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી અનિતા બી.દેસાઇ, નાયબ નિયામક(આઈ.ટી) | અધ્યક્ષ |
| ૨ | શ્રી શ્રધ્ધા જાની નાયબ નિયામક(આઇ.ટી) | સભ્ય |
| ૩. | શ્રી ફોરમ મોદી ,આઈ.સી.ટી ઓફિસર | સભ્ય |
| ૪. | શ્રી પ્રગના પટેલ (ટ્રસ્ટી આત્મન ફાઉન્ડેશન) | બિન સરકારી સભ્ય |

આંતરિક ફરિયાદ સમિતિના દરેક સભ્યની મુદત હુકમની તારીખથી ૩-વર્ષ અથવા ઉક્ત સભ્ય જે દિવસે નિવૃત્ત થાય, આ બે માંથી જે વહેલું બને ત્યાં સુધીની રહેશે.

આ વિભાગમાં કામ કરતા મહિલા અધિકારીઓની, કર્મચારીઓની જાતીય સતામણી અટકાવવા અન્વયે સદરહુ સમયબદ્ધ કાર્યવાહી હાથ ધરવા અને ફરિયાદ અન્વયે કરેલ તપાસ સંબધિત તારણ દર્શાવતો અહેવાલ નિયામકશ્રીને રજુ કરવાનો રહેશે. તેમજ સદરહું અધિનિયમ અને તે હેઠળ ઘડવામાં આવેલ નિયમોની આંતરિક ફરિયાદ સમિતિને સોંપવામાં આવતી અન્ય કામગીરી પણ કરવાની રહેશે.

નાયબ નિયામક(આઈ.ટી/વહીવટ)

File No: ICT/GNR/e-file/258/2022/0012/incentive
Approved By: Director,ICT

Block No. 2, 2nd Floor, C & D Wing, Karmayogi Bhavan, Sector - 10 A, Gandhinagar – 382010

Tel. (O): +91 – 79-232 56022, Fax: +91 – 79-232 38925, e-Mail: directorit@gujarat.gov.in

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

**Government of Gujarat**
**Directorate of ICT & e-Governance**

નિયામક આઈ.સી.ટી અને ઇ ગવર્નન્સ

ગાંધીનગર

પ્રતિ,

- શ્રી અનિતા બી.દેસાઇ, (ના. નિયામક, આઈ. ટી. વર્ગ-૧) નિયામક આઈ.સી.ટી. અને ઇ-ગવર્નન્સની કચેરી, ગાંધીનગર
- શ્રી શ્રદ્ધા જાની, (ના. નિયામક, આઈ. ટી. વર્ગ-૧) નિયામક આઈ.સી.ટી. અને ઇ-ગવર્નન્સની કચેરી, ગાંધીનગર
- શ્રી ફોરમ મોદી ,આઈ.સી.ટી ઓફિસર, ) નિયામક આઈ.સી.ટી. અને ઇ-ગવર્નન્સની કચેરી,ગાંધીનગર
- શ્રી પ્રગના પટેલ, ટ્રસ્ટી આત્મન ફાઉન્ડેશન, ગાંધીનગર

File No: ICT/GNR/e-file/258/2022/0012/incentive
Approved By: Director,ICT

Signature Not Verified

Signed by:Anita Baldevbhai Desai
Deputy Director
Date:2024.05.21
17:32:59 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign